મળ્યા તારીખ : ૦૮/૦૩/૨૦૧૮

દાખલ તારીખ : ૦૮/૦૩/૨૦૧૮

ફેસલ તારીખ : ૦૨/૦૫/૨૦૧૯

| સમય ગાળો : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૧ | ૦૧ | ૨૪ |

# અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. સાતમા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ અને સ્પે. પોકસો જજ સાહેબની કોર્ટમાં, મુ. વિરમગામ.

<u>સ્પે. પોકસો કેસ નં.૧/૨૦૧૮</u>

આંક :

ફરિયાદી : ગુજરાત રાજય.

વિરૂધ્ધ

આરોપી : મનીષ ઉર્ફે મોન્ટુ રણજીતસિંહ ઉર્ફે રાજનભાઈ ડાભી,
રહે. ગોવાળ વાસ, વિરમગામ, જી.અમદાવાદ.

ગુનોઃ ઈ.પી.કોડની કલમ ૩૭૬,૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ સને ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબ.

---

**ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એચ.આર.સોલંકી.**
**આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી કે.આર.પંડયા.**

---

## <u>:: ઠ રા વ ::</u>

૧. આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ સને ૨૦૧૨ ની કલમ ૩, ૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

૨. આ કામના ફરીયાદી રાજુભાઈ નથુભાઈ ઓડ, રહે. વિરમગામનાએ તા.૧૩/૦૧/૨૦૧૮ ના રોજ ફરીયાદ આપેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે આરોપીએ તા.૦૮/૦૧/૨૦૧૮ ના રોજ કલાક ૧૯–૩૦ વાગ્યાના સુમારે મોજે ભુતનાથ મહાદેવ મંદિર પાસે, બ્રાહમણોના સ્મશાન પાછળ તા.વિરમગામ ખાતે ફરીયાદીની સગીર વયની દિકરી માધવી રાજુભાઈ ઓડ, ઉ.વ.૧૫ વાળીને ફોન કરી ઉપરોકત જગ્યાએ મળવા બોલાવી, ભોગબનનાર મળવા જતાં જણાવેલ કે " તે પોતાના પ્રેમ સંબંધની મુન્ની માસીને કેમ જાણ કરી દીધી " તેમ કહી, ગાળો બોલી, બે લાફા મારી દઈ મારી નાખવાની ધમકી આપી, ભોગબનનારની મરજી વિરુધ્ધ બળજબરીથી તેની સાથે શરીર સંબંધ બાંધી ગુનો કરેલ. સદર બનાવની વિગતવારની ફરીયાદ ફરીયાદીએ આપતા વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ૨. નં.૦૩/૨૦૧૮ થી ગુનો નોંધવામાં આવેલ છે. તપાસ દરમ્યાન તપાસ કરનાર અધિકારીએ આરોપીની ધરપકડ કરેલ અને મુદ્દતમાં અત્રેની સ્પે. પોકસો કોર્ટ સમક્ષ રજુ કરતા, આરોપીને જયુડી. કસ્ટડીમાં લેવામાં આવેલ અને ત્યારથી આરોપી જેલમાં છે.

૩. તપાસ કરનાર અધિકારીએ આ ગુનાની તપાસ પુર્ણ કર્યા બાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીને ચાર્જશીટના કેસ પેપર્સની વિનામૂલ્યે નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ, આરોપી સામેના ગુનાના આક્ષેપો અંગે બન્ને પક્ષને સાંભળ્યા બાદ, આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પ્રથમદર્શનીય રીતે પુરતો કેસ જણાતાં, સદર ગુના સંબંધે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા. ૦૪/૦૭/૨૦૧૮ ના રોજ આંક – ૦૯ થી તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી સમજાવી તહોમતનામા સંબંધે આંક – ૧૦ થી આરોપીનો જવાબ લેતાં આરોપીએ ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાની વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માગણી કરેલ.

૪. જેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૦ વંચાણે લઈ

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૧ મુજબ ફરીયાદ પક્ષ ધ્વારા સાહેદોનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

૫. ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| | | | |
|---|---|---|---|
| ૧. | રાજેશભાઈ નાગરભાઈ | પંચ સાહેદ | આંક–૧૩ |
| ૨. | ભોગબનનાર રાજુભાઈ કોડ | ભોગબનનાર | આંક–૧૮ |
| ૩. | ઈલાબેન રાજુભાઈ કોડ | સાહેદ | આંક–૨૦ |
| ૪. | ભીખાભાઈ જગુભાઈ ઠાકોર | પંચ સાહેદ | આંક–૨૧ |
| ૫. | મહેશભાઈ મેરાભાઈ પરમાર | સાહેદ | આંક–૨૫ |
| ૬. | લાલાભાઈ દલુભાઈ ઠાકોર | પંચ સાહેદ | આંક–૨૬ |
| ૭. | કાજલબેન પ્રકાશભાઈ દેવીપુજક | સાહેદ | આંક–૨૮ |
| ૮. | ચંદ્રીકાબેન દશરથભાઈ ઠાકોર | સાહેદ | આંક–૩૦ |
| ૯. | દીલીપભાઈ રામજીભાઈ મોડીયા | સાહેદ | આંક–૩૩ |
| ૧૦. | ઉજમશીભાઈ ગોવિંદભાઈ શાહ | તપાસ કરનાર અમલદાર | આંક–૩૫ |
| ૧૧. | ડો. મહેરઅસ્મા અબ્દુલકરીમ રંગીનવાલા | મેડીકલ ઓફીસર | આંક–૪૫ |
| ૧૨. | ડો. શહેબાઝ મોહંમદ ઈશાક શેખ | મેડીકલ ઓફીસર | આંક–૪૭ |

## :: દસ્તાવેજી પુરાવો ::

| | | |
|---|---|---|
| ૧. | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ. | આંક–૧૫ |
| ૨. | પંચ સ્લીપો. | આંક–૧૬,૧૭ |
| ૩. | ભોગબનનારનું મેજીસ્ટ્રેટશ્રી રુબરુનું કલમ–૧૬૪ મુજબનું નિવેદન | આંક–૧૯ |
| ૪. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. | આંક–૨૨ |
| ૫. | પંચ સ્લીપો. | આંક–૨૩,૨૪ |
| ૬. | મુદ્દામાલ વાહન કબજે કર્યાનું પંચનામુ. | આંક–૨૭ |

| | | |
|---|---|---|
| ૭. | ફરીયાદ | આંક–૩૪ |
| ૮. | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવવા લખેલ યાદી. | આંક–૩૬ |
| ૯. | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર | આંક–૩૭ |
| ૧૦. | આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ. | આંક–૩૮ |
| ૧૧. | એફ.એસ.એલ. સ્થળ પરીક્ષણ અહેવાલ. | આંક–૩૯ |
| ૧૨. | ભોગબનનારની મેડી. તપાસણી અંગેની યાદી. | આંક–૪૦ |
| ૧૩. | આરોપીની શારીરીક તપાસણી તથા જરૂરી નમુના મેળવવા યાદી. | આંક–૪૧ |
| ૧૪. | ભોગબનનારનું કલમ –૧૬૪ નું નિવેદન લેવા માટે લખેલ યાદી. | આંક–૪૨ |
| ૧૫. | મુદ્દામાલ રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર. | આંક–૪૩ |
| ૧૬. | મુદ્દામાલ પહોંચ. | આંક–૪૪ |
| ૧૭. | ભોગબનનારની શારીરીક તપાસણીનું પ્રમાણપત્ર. | આંક–૪૬ |
| ૧૮. | ભોગબનનારની શારીરીક તપાસણીનું પ્રમાણપત્ર. | આંક–૪૮ |
| ૧૯. | આરોપીની શારીરીક તપાસણીનું પ્રમાણપત્ર. | આંક–૪૯ |

**૬.** ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુરો થતાં વિધ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૫૦ ની પુરસીસ રજુ કરી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

**૭.** ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપી વિરુધ્ધના સંજોગો અંગે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં તેઓએ બચાવના સાહેદો તપાસવા જણાવેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ માણસ છે.

**૮.** બંને પક્ષકારોનો પુરાવો તેમજ રજુઆતો ધ્યાને રાખી આ

કેસનો નિર્ણય કરવા નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દા ::

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે આરોપીએ તા.૦૮/૦૧/૨૦૧૮ ના રોજ કલાક ૧૯–૩૦ વાગ્યાના સુમારે મોજે ભુતનાથ મહાદેવ મંદિર પાસે, બ્રાહમણોના સ્મશાન પાછળ તા.વિરમગામ ખાતે ફરીયાદીની સગીર વયની દિકરી માધવી રાજુભાઈ ઓડ, ઉ.વ.૧૫ વાળીને ફોન કરી ઉપરોકત જગ્યાએ મળવા બોલાવી, ભોગબનનાર મળવા જતાં જણાવેલ કે " તે પોતાના પ્રેમ સંબંધની મુન્ની માસીને કેમ જાણ કરી દીધી " તેમ કહી, ગાળો બોલી, બે લાફા મારી દઈ મારી નાખવાની ધમકી આપી, ભોગબનનારની મરજી વિરુધ્ધ બળજબરીથી તેની સાથે શરીર સંબંધ બાંધી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ સને ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. છેવટે શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો હવે પછી જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>: નિર્ણય માટેના કારણો :</u>**

**<u>મુદ્દા નં.૧–</u>**

૧૦. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.આર.સોલંકી ધ્વારા તેમની

મૌખિક દલીલોમાં જણાવેલ છે કે હાલના કામે ફરીયાદપક્ષ દવારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી આરોપી સામે ફરમાવાયેલ આંક–૦૯ મુજબના તહોમતનામાની હકીકતો પુરવાર કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષ દવારા ભોગબનનાર તેમજ તેમની માતા તેમજ તબીબી અધિકારીઓના મૌખિક પુરાવાથી ભોગબનનારની બનાવ સમયે ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવાની હકીકત પુરવાર કરવામાં આવેલ છે. રેકર્ડ ઉપરના મૌખિક તેમજ આંક–૩૭ થી રજુ થયેલ ભોગબનનારના જન્મના પુરાવાના આધારે ભોગબનનારની જન્મ તા.૧૯/૧૦/૨૦૦૩ હોવાની હકીકત પુરવાર થયેલ છે અને તેથી બનાવના દિવસે ભોગબનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના હતા. આ સંજોગોમાં હાલના આરોપી સામે સ્પષ્ટપણે જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ સને ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબનો ગુનો પુરવાર થાય છે. વિ.એ.પી.પી.શ્રીએ વધુમાં જણાવેલ છે કે આ કામે ભોગબનનારના કપડા કબજે કરવામાં આવેલા અને તેના પંચ સાહેદે આંક – ૧૫ ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. આ સંજોગોમાં તેમજ તબીબી અધિકારીઓના પુરાવાઓથી પણ અને તબીબી અધિકારી સમક્ષ ભોગબનનાર અને આરોપીએ જણાવેલ બનાવની હીસ્ટ્રીની હકીકતો પરથી પણ આરોપી સામે આક્ષેપાયેલ તહોમતની હકીકતો પુરવાર થયેલ છે. ફરીયાદપક્ષ દવારા ગુનાની તપાસ કરનાર અધિકારી ઉજમશીભાઈ ગોવીંદભાઈ શાહને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે અને તેઓના મૌખિક પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, ફરીયાદપક્ષ નિઃશંકપણે આરોપી સામેના કેસની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ હોય આરોપીને કસુરવાર ઠરાવી કાયદાથી નિર્ધારીત મહત્તમ સજા કરવી જોઈએ.

૧૧. આરોપી તરફે વિ.વ.શ્રી કે.આર.પંડયાએ તેમની મૌખિક દલીલોમાં રજુઆત કરેલ છે કે આ કામે ફરીયાદ પક્ષ આંક–૩૪ ની ફરીયાદ મુજબની હકીકત મુજબનો ગુનો બન્યાના કેસ સાથે આવેલ છે પરંતુ આંક–૩૪ વાળી ફરીયાદ

આપનાર ફરીયાદીને આ કામે તપાસવામાં આવેલ નથી. તેમજ અન્ય કોઈ સાહેદોએ આ ફરીયાદની હકીકતોને સમર્થન આપતી હકીકતો સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ નથી. ખંદ ભોગબનનારે પણ આ ફરીયાદની હકીકતોને તેમની જુબાનીમાં સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદોના પુરાવાથી પણ ફરીયાદની હકીકત પુરવાર થયેલ નથી.

૧૧.૧ આરોપી તરફે વિ.વ.શ્રી પંડયાએ તેમની વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે સામાન્ય રીતે આ પ્રકારના કેસમાં ભોગબનનારનો પુરાવો અતિ મહત્વનો ગણાય છે અને આ કામે રહેલ ભોગબનનારને ફરીયાદપક્ષ દવારા આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે તેઓને આરોપીએ મોબાઈલ ફોન કરી કોઈ જગ્યાએ બોલાવેલ નથી કે આરોપી તેમને કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી તેમની સાથે આરોપીએ તેમની સંમતિથી કે મરજી વિરુધ્ધ કોઈ શારીરીક સંબંધ બાંધેલ નથી. આમ, ભોગબનનારના પુરાવાના આધારે આંક–૩૪ વાળી ફરીયાદ તેમજ આંક–૯ મુજબના તહોમતનામાની હકીકતો પુરવાર થયાનું કહી શકાય નહીં.

૧૧.૨ વિ.વ.શ્રી પંડયાએ વધુમાં જણાવેલ છે કે ફરીયાદપક્ષ દવારા એવું કથન કરવામાં આવેલ છે કે તબીબી અધિકારીના પુરાવા તથા કેસ પેપર્સના આધારે આરોપી સામેનું તહોમત પુરવાર થાય છે. પરંતુ કેસ પેપર્સમાં જે હીસ્ટ્રી જણાવેલ છે તે હીસ્ટ્રી ભોગબનનાર કે આરોપીની શારીરીક તપાસના તબીબી પ્રમાણપત્રમાં જોવા મળતી નથી અને જયારે ભોગબનનાર દવારા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરાયેલ ન હોય ત્યારે માત્ર કેસ પેપર્સમાં જણાવેલી હીસ્ટ્રી કે તબીબી પ્રમાણપત્રના આધારે સજા કરી શકાય નહીં. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે આ કામે ભોગબનનાર અને આરોપીના કપડા કબજે થયેલ છે તેવો ફરીયાદપક્ષનો કેસ છે પરંતુ તે કપડા ઉપર લોહી કે વિર્ય મળેલ હોવા બાબતે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને તબીબી અધિકારીઓએ તેમના પુરાવામાં

સ્વીકારેલ છે કે ભોગબનનારના શરીર ઉપર કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાનો જણાયેલ નહીં અને બળજબરી થી શરીર સંબંધ બંધાયેલ હોય તેવા પણ કોઈ નિશાનો જોવા મળેલા નહીં. વિ.વ.શ્રી પંડયાએ વધુમાં રજુઆત કરેલ છે કે ફરીયાદપક્ષના સાહેદ દીલીપભાઈ મોડીયા તેમના મૌખિક પુરાવામાં તેઓએ આંક–૩૪ વાળી ફરીયાદ નોંધેલ હોવાનું જણાવે છે. પરંતુ ફરીયાદીને તપાસવામાં આવેલ નથી અને અન્ય સાહેદોએ આંક–૩૪ ની ફરીયાદને સમર્થન આપેલ નથી. આ કામના તપાસ કરનાર અધિકારીના પુરાવા પરથી પણ આરોપીએ ભોગબનનાર સાથે તેની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધેલ હોય કે ભોગબનનારને માર મારેલ હોય તેવી હકીકત સ્પષ્ટ થતી નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

૧૨. હાલના કામે બંને પક્ષે રજુઆતો, રેકર્ડ, દલીલો વિગેરે ધ્યાને લેતાં, આ કામના ફરીયાદી રાજુભાઈ નથુભાઈ ઓડ, રહે. વિરમગામનાએ તા.૧૩/૦૧/૨૦૧૮ ના રોજ ફરીયાદ આપી જણાવેલ છે કે આરોપીએ તા.૦૮/૦૧/૨૦૧૮ ના રોજ કલાક ૧૯–૩૦ વાગ્યાના સુમારે મોજે ભુતનાથ મહાદેવ મંદિર પાસે, બ્રાહમણોના સ્મશાન પાછળ તા.વિરમગામ ખાતે ફરીયાદીની સગીર વયની દિકરી માધવી રાજુભાઈ ઓડ, ઉ.વ.૧૫ વાળીને ફોન કરી ઉપરોકત જગ્યાએ મળવા બોલાવી, ભોગબનનાર મળવા જતાં જણાવેલ કે " તે પોતાના પ્રેમ સંબંધની મુન્ની માસીને કેમ જાણ કરી દીધી " તેમ કહી, ગાળો બોલી, બે લાફા મારી દઈ મારી નાખવાની ધમકી આપી, ભોગબનનારની મરજી વિરુધ્ધ બળજબરીથી તેની સાથે શરીર સંબંધ બાંધી ગુનો કરેલ.

૧૩. હાલના કામે સમગ્ર પુરાવો જોતાં અને તેનું મુલ્યાંકન કરતાં, આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા સારુ કુલ ૧૨ સાહેદો તપાસવામાં

આવેલા છે. આ ૧૨ સાહેદો પૈકી પંચ સાહેદ રાજેશભાઈ નાગરભાઈને આંક–૧૩ તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ ધોરણ–૯ સુધી ભણેલ છે, લખતાં વાચતા આવડે છે. માર્ક ૮/૫ વાળા પંચનામામાં પંચ–૧ તરીકે તેઓની સહી છે, જે પંચનામુ આંક–૧૫ થી રજુ છે. પંચનામામાં આ સહી તેઓએ બે – ત્રણ ચાર મહીના પહેલા વિરમગામ પો.સ્ટે.માં સવારે ૧૧.૩૦ ની આજુબાજુના સમયે કરેલી. તેઓએ સહી કરી ત્યારે પોલીસવાળા તથા બીજા બે ત્રણ પુરુષો હાજર હતાં અને તેઓને કપડાં બતાવેલા. આ કપડાં સ્ત્રીના હતાં અને તેઓને બતાવવામાં આવે તો તે કપડાં તેઓ ઓળખી શકે. આર્ટીકલ નં.૧, એક કાપડની સીલબંધ બેગીનું સીલ તોડી તેમાંથી નીકળેલ એક ડ્રેસનુ ટોપ, જુના જેવું અડધી બાંયનું, ઉપરના ભાગે દોરીવાળું, ઉપરના ભાગે આછા ક્રિમ કલરનું તથા નીચેના ભાગે સફેદ કલરનું તથા આછા વાદળી ફુલભાતની ડીઝાઈનવાળું  છે તે ઓળખી બતાવેલ તથા તેઓની તેની સાથે નીકળેલ એક પંચ સ્લીપમાં પંચ–૧, તરીકે તેઓની સહી બતાવતાં તઓની  સહી ઓળખી બતાવેલ,  જે આંક : ૧૬ થી રજુ છે. આર્ટીકલ નં.૨, એક કાપડની સીલબંધ બેગીનું સીલ તોડી તેમાંથી નીકળેલ એક સફેદ તથા કાળા કલરની જુના જેવી લેગી બતાવતાં ઓળખી બતાવેલ તથા તેઓને તેની સાથે નીકળેલ એક પંચ સ્લીપમાં પંચ–૧, તરીકે તેઓની સહી  બતાવતાં ઓળખી બતાવેલ છે, જે આંક : ૧૭ થી રજુ છે.

૧૩.૧ આ પંચ સાહેદની ઉલટ તપાસ આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો કબુલ રાખેલ છે કે તેઓ પો.સ્ટે. ગયા ત્યારે પોલીસના માણસો તથા મહેશભાઈ સીવાય બીજી કોઈ વ્યકિત હાજર ન હતી અને ત્યારે તેમને કોઈ છોકરી, સ્ત્રી કે ભોગબનનારે કોઈ હકીકત જણાવેલ નહિં. તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓને પંચ તરીકે બોલાવવા મહેશભાઈ મેરાભાઈ ૧૨.૩૦ થી ૧.૦૦ દરમ્યાન બોલાવવા આવેલા અને તેઓએ પંચનામામાં બપોરે ૧.૦૦ વાગે સહી કરેલી.

૧૪. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી ભોગબનનાર રાજુભાઈ કોડને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓની જન્મ તારીખ–૧૯/૧૦/૨૦૦૩ ની છે. તેઓ ઘોરણ– ૬ સુધી ભણેલ છે. હાલના સરનામે એક વર્ષથી રહે છે. તે પહેલા મુનસર તળાવ વેરાઈ માતાના મંદિર પાછળ વિરમગામ ખાતે રહેતા હતા. તે અગાઉ અઢી–ત્રણ વર્ષ મુનસર તળાવ ખાતે મુન્ની માસી ઉર્ફે ચાંદની માસીના ઘરમા ભાડે રહેતા હતા. તે વખતે તેઓ અભ્યાસ કરતા ન હતા, પરંતું ઘરે બેસીને સીવણ કામ કરતા હતા. તેઓના પિતાએ ૨૦૧૮ ની સાલમાં ફરીયાદ લખાવેલી. મુન્ની માસીએ તેઓને દિકરી માની હોઈ તેઓના ઘરનું તમામ કામ તેઓ કરતા હતા અને ત્યાં આ મનિષ ઉર્ફે મોન્ટુ રાજનભાઈ ડાભી આવતો જતો હોઈ ઓળખાણ થયેલી.આ મનિષભાઈ ઉર્ફે મોન્ટુએ કે કોઈ પણે અન્ય જગ્યાએ ફોન કરીને તેઓને બોલાવેલ હોઈ તેમ બનેલ નહિ કે તેઓની સાથે કોઈએ ગાળો બોલીને તેઓને માર માર્યો હોઈ તેવું પણ બનેલ નહિ. તેઓની સાથે કોઈ ઈસમે તેઓની ઈચ્છા વિરુધ્ધ બળજબરી કરી તેઓની સાથે દુષ્કર્મ કરેલું હોઈ તેવું બનેલ નહિ. તેઓને કોઈ પણ અન્ય જગ્યાએ કોઈએ માર મારેલ હોઈ તેવું બનેલ નહિ. આ બનાવ બાબતે તેઓના માતા– પિતાએ કોઈને ઠપકો આપેલ હોઈ તેવું બનેલ નહિ. પોલીસે તેઓના કોઈ કપડા કબજે લીધેલ હોઈ તેવું બનેલ નહિ. પોલીસ તેઓને દાકતરી તપાસ માટે લઈ ગયેલ હોઈ તેવું બનેલ નહિ અને ડોકટરે દાકતરી તપાસ દરમ્યાન કે પછી તેઓના શરીરમાંથી કોઈ નમુના તપાસ અર્થે મેળવ્યા હોઈ તેવું બનેલ નહિ. પોલીસે તેઓને તેઓના પરિવારને કોર્ટમાં કોઈ સાહેબશ્રી એ તેઓની વિગતવાર પુછપરછ કરી હોઈ અને તેઓએ સહી કરેલ હોઈ તેવું બનેલ નહિ. કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં હાંસિયામાં તથા નિવેદનના અંતમા તેઓની સહીઓ છે, જે આંક–૧૯ થી રજુ છે. મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકું નહિ. જુના જેવું અડધી બાયનું કમરના ભાગે દોરી વાળું આછા ક્રીમ કલરનું નીચેના ભાગેથી સફેદ કલરનુ ંઆછા વાદળી ફૂલભાતની ડિઝાઈન વાળું બતાવતા તેઓ ઓળખતા નથી. તેમજ સફેદ કાળા કલરની જુની લેગીસ બતાવતા

તેઓ ઓળખતા નથી. નિશાની–૮/૪ વાળો તેઓનો જન્મનો દાખલો વિરમગામ નગરપાલિકા જન્મ મરણ ખાતામાંથી મેળવેલ, જે દાખલો તેઓનો છે. આરોપીને ઓળખે છે. જે કોર્ટમાં હાજર છે.

૧૪.૧ આ ભોગબનનાર સાહેદને વિદવાન એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદવાન એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો આ ભોગબનનાર સાહેદને પુછવામાં આવતા તેમાં પણ આ ભોગબનનાર સાહેદે ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં કોઈ જ ફળદાયક હકીકત જણાવેલ નથી.

૧૪.૨ આ ભોગબનનાર સાહેદની ઉલટ તપાસ આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો કબુલ રાખેલ છે કે આરોપી મોન્ટુ, મુન્ની માસીને ત્યાં આવતો જતો હોય તેથી તેની સાથે ફકત બોલવા ચાલવાનો સંબંધ હતો અને તેઓની સાથે આરોપી મોન્ટુએ કોઈ બળજબરીથી કે તેઓની ઈચ્છા વિરુધ્ધ શરીર સંબંધ બાંધેલ નથી.

૧૫. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ઈલાબેન રાજુભાઈ કોડને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. તેઓની ભોગ બનનાર પુત્રી મોટી છે. પુત્ર તેનાથી નાનો છે. બનાવમાં મુન્ની માસીએ તેઓની ભોગ બનનાર દીકરીને દીકરી બનાવેલ હોય તેમના ઘરનું તમામ કામકાજ તે કરતી અને તેમના ઘરે એક છોકરો મનીષ ઉર્ફે મોન્ટુ આવતો હતો અને તેથી તેઓની ભોગ બનનાર દીકરી તેને ઓળખતી હતી. આ મનીષ અને તેઓની દીકરીને કોઈ બાબતે બોલચાલ તકરાર મુન્ની માસીના ઘરે થયેલી તેવી હકીકત તેઓના પતિએ ઘરે આવીને કરેલી. આ તકરાર શા માટે થયેલી તેની તપાસ તેઓને તથા તેઓની ભાણી કાજલબેન કે જે તેઓની સાથે રહેતી હતી તેઓને કરવા

જણાવેલ. તેઓએ આ તકરાર બાબતે તેઓની ભોગ બનનાર દીકરીને પુછપરછ કરતા તેણીએ તેઓને કોઈ વિશેષ વાત જણાવેલી નહીં. આ અરસામાં તેઓની આ ભોગ બનનાર દીકરી મજુરીના પૈસા લેવા માટે સુરેશભાઈના ખેતરે ગયેલી ત્યારે પણ તેઓની ભોગ બનનાર દીકરી અને આ મનીષ વચ્ચે ફરીથી બોલાચાલી થયાની હકીકત તેઓએ પાછળથી જાણેલી. તેઓની દીકરીએ તેની સાથે કોઈએ બળજબરી કરેલી હોય કે તેની સાથે કોઈએ દુષ્કર્મ કરેલ હોય તેવું જણાવેલ નહીં. તેઓની દીકરી સાથેની બોલાચાલી બાબતે તેઓના પતિએ ફરીયાદ કરેલી. આરોપી મનીષને તેઓ ઓળખે છે, જે કોર્ટમાં હાજર છે. તેઓની દીકરીને પોલીસ સાથે દવાખાને તપાસ માટે જવાનું થયેલ હોય તેવું બનેલું નહીં. પોલીસે તેઓની દીકરી પાસેથી કાંઈ કબજે કરેલ હોય તેવું તેઓએ જાણેલું નહીં. તેઓની દીકરીને કોઈએ ધમકી આપી હોય તેવું પણ બનેલ નહીં. તેઓના પતિએ ફરીયાદ લખાવી ત્યારે તેઓની દીકરીની ઉમર ૧૪ વર્ષની હતી.

૧૫.૧ આ સાહેદને વિદવાન એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદવાન એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો આ સાહેદને પુછવામાં આવતા તેમાં પણ આ સાહેદે ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં કોઈ જ ફળદાયક હકીકત જણાવેલ નથી.

૧૫.૨ આ સાહેદની ઉલટ તપાસ આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો કબુલ રાખેલ છે કે તેઓની ભોગ બનનાર દીકરીએ તેમને તેને મોન્ટુ સાથે ફકત બોલાચાલીનો સંબંધ હોવાની હકીકત જણાવેલી અને તેઓની દીકરીને મોન્ટુ સાથે બોલાચાલીનો સંબંધ હોવાથી તેમના વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સીવાય બીજુ કાંઈ બનેલું નહીં.

૧૬. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી પંચ સાહેદ ભીખાભાઈ જગુભાઈ ઠાકોરને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવેલ છે કે તેઓ વિરમગામ આવવા માટે હાંસલપુર ચોકડીએ ઉભા હતા ત્યારે પોલીસવાળાએ એક તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી. તેમાં શું લખેલું હતું તે તેઓએ વાંચેલ નહીં. પોલીસ સાથે તેઓને કોઈ જગ્યાએ જવાનું થયેલ હોય તેવું બનેલું નહીં. તેઓની હાજરીમાં કોઈ વ્યકિતએ કોઈ જગ્યા બતાવેલ હોય તેવું પણ બનેલું નહીં. નિશાની ૮/૭ વાળા પંચનામામાં પંચ નંબર – ૧, તરીકે તેઓની છે. જે આંક–૨૨ થી રજુ છે. મુદામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં. મુદામાલ આર્ટીકલ નંબર – ૬ કે જે શીલ બંધ હાલતમાં છે તેનું શીલ ખોલી બતાવતા, તે પ્લાસ્ટીકની કોથળીમાં આશરે ૧૦૦ ગ્રામ જેટલી માટી છે. આવી કોઈ માટી કોઈ જગ્યાએથી તેઓની હાજરીમાં કબજે થયેલ ન હોય તેઓ ઓળખી શકે નહીં. આ આર્ટીકલ સાથે રહેલ પંચ સ્લીપ બતાવતા, તેમાં પંચ નંબર – ૧, તરીકે તેઓની સહી છે. જે આંક–૨૩ થી રજુ છે. મુદામાલ આર્ટીકલ નંબર – ૭ કે જે શીલ બંધ હાલતમાં છે તેનું શીલ ખોલી બતાવતા, તે પ્લાસ્ટીકની કોથળીમાં આશરે ૧૦૦ ગ્રામ જેટલી માટી છે. આવી કોઈ કંટ્રોલ માટી કોઈ જગ્યાએથી તેઓની હાજરીમાં કબજે થયેલ ન હોય તેઓ ઓળખી શકે નહીં. આ આર્ટીકલ સાથે રહેલ પંચ સ્લીપ બતાવતા, તેમાં પંચ નંબર – ૧, તરીકે તેઓનીસહી છે. જે આંક–૨૪ થી રજુ છે.

૧૬.૧ આ પંચ સાહેદને વિદવાન એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદવાન એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો આ પંચ સાહેદને પુછવામાં આવતા તેમાં પણ આ પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં કોઈ જ ફળદાયક હકીકત જણાવેલ નથી.

૧૬.૨ આ પંચ સાહેદની ઉલટ તપાસ આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી.

**૧૭.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ મહેશભાઈ મેરાભાઈ પરમારને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે પોલીસે ઝઘડા બાબતે તેઓની પુછપરછ કરેલી. આ ઝઘડો રાજુભાઈ નથુભાઈ ઓડ અને મોન્ટુ વચ્ચે થયેલો. આ ઝઘડો કઈ બાબતે થયેલો તેની તેઓને ખબર નથી. આ તકરાર કઈ બાબતેની હતી તે અંગે રાજુભાઈએ તેઓને કોઈ વાત કરેલી નહીં. તેઓ આરોપીને ઓળખતા નથી.

**૧૭.૧** આ સાહેદને વિદવાન એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદવાન એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો આ સાહેદને પુછવામાં આવતા તેમાં પણ આ સાહેદે ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં કોઈ જ ફળદાયક હકીકત જણાવેલ નથી.

**૧૭.૨** આરોપીપક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો કબુલ રાખેલ છે કે રાજુભાઈની ભોગ બનનાર દીકરીએ તેઓને કોઈ હકીકત જણાવેલી નહીં અને રાજુભાઈએ તેઓને એટલી જ હકીકત જણાવેલી કે તેમના અને મનીષ વચ્ચે તકરાર થયેલી છે.

**૧૮.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી પંચ સાહેદ લાલાભાઈ દલુભાઈ ઠાકોરને આંક–૨૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ હટાણુ કરવા વિરમગામ ગામમાં આવતા હતા ત્યારે પોલીસે પંચાયતની ઓફીસ પાસે તેઓની લખાણ લખેલા કાગળમાં સહી કરાવેલી. તેઓએ આ પંચનામુ વાંચેલ નહી. તેઓને પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનું થયેલ નથી અને તેવી કોઈ જગ્યા કોઈ ઈસમે બતાવેલ હોય તેવું બનેલ નથી. આંક – ૨૨ વાળા પંચનામામાં પંચ નંબર – ૨ તરીકે તેઓની સહી છે. તેઓની રૂબરૂમાં પોલીસે કાંઈ કબજે કરેલ હોય તેવું બનેલ નહીં. મુદામાલ

બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં. આંક–૨૩ અને ૨૪ ની પંચ સ્લીપમાં પંચ નંબર – ૨ તરીકે તેઓની સહી છે.

૧૮.૧ આ પંચ સાહેદને વિદવાન એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદવાન એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો આ પંચ સાહેદને પુછવામાં આવતા તેમાં પણ આ પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં કોઈ જ ફળદાયક હકીકત જણાવેલ નથી.

૧૮.૨ આ પંચ સાહેદની ઉલટ તપાસ આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી.

૧૯. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ કાજલબેન પ્રકાશભાઈ દેવીપુજકને આંક–૨૮ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ વિરમગામ ખાતે તેઓના પરીવાર સાથે રહે છે. મુન્ની માસી તેઓના ઘરની બાજુમાં રહે છે. તેમના ઘરે ભોગ બનનાર કામકાજ કરવા આવતા હતા. તે સમયે ભોગ બનનાર અને આરોપી મનીષભાઈ વચ્ચે ઝઘડો થયેલો. આ ઝઘડો કઈ બાબતેનો થયેલો તેની તેમને ખબર નથી. આ ઝઘડો થયો ત્યારે તેઓ ત્યાં હાજર ન હતા. આ ઝઘડો કયા કારણે થયેલો તેની તેઓને પાછળથી પણ ખબર પડેલી નહીં. ભોગ બનનારના પિતા રાજુભાઈએ તેમને ભોગ બનનાર અને આરોપી મનીષભાઈ વચ્ચે થયેલ ઝઘડા બાબતે પુછપરછ કરતા તેઓએ તેમને જણાવેલ કે મુન્ની માસીના ઘરે તે બંને વચ્ચે ઝઘડો થયો છે પણ કઈ બાબતે થયેલો તેની તેમને ખબર નથી. ત્યાર બાદ આ રાજુભાઈએ તેમને બીજી કોઈ વાત કરેલી નથી. આ ઝઘડા પહેલા અને પછી શું બનાવ બનેલો તે તેઓ જાણતા નથી. તેઓ આ હકીકત સીવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. આરોપી

**મનીષભાઈ રીક્ષા ચલાવતા હોવાથી મુન્ની માસીના ઘરે આવતા હોવાથી તેઓ તેમને ઓળખે છે. ભોગ બનનારે આરોપી સાથે થયેલ ઝઘડા બાબતે તેઓને કોઈ વાત કરી હોય તેવું બનેલ નથી. ભોગ બનનાર સાથે આરોપી મનીષભાઈએ કોઈ ખરાબ કામ કરેલ હોય તેવું તેઓને ભોગ બનનારે કહેલ હોય તેવું બનેલ નથી કે આ બાબતે તેઓ કાંઈ જાણતા નથી.**

**૧૯.૧ આરોપીપક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો કબુલ રાખેલ છે કે ભોગબનનારે તેઓને કોઈ વાત કરેલ નહીં.**

**૨૦. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ચંદ્રીકાબેન દશરથભાઈ ઠાકોરને આંક–૩૦ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે પોલીસે તેઓની પુછપરછ કરેલી. તે અરસામાં ભોગ બનનારે તેઓની પાસેથી તેઓનો મોબાઈલ માંગી, તે મોબાઈલમાંથી તેમાંથી તેના પિતા સાથે મોબાઈલમાં વાત કરવાનું જણાવેલું. ભોગ બનનાર તથા તેના માતા–પિતા તેઓની બાજુમાં રહેતા હોય તેથી ઓળખે છે. તેઓનો મોબાઈલ ભોગ બનનાર બહેન તેના ઘરે લઈ ગયેલી અને તેમાંથી તેણે કોની સાથે વાત કરેલી તેની તેમને ખબર નથી. ભોગ બનનારના પિતાએ પોલીસ ફરીયાદ કરી હોવાનું તેઓએ જાણેલું. તે ફરીયાદ આરોપી સામે કરી હોવાનું તેઓએ પાછળથી જાણેલું. આરોપી તેઓના મામાજીનો દીકરો થાય છે. તેથી ઓળખે છે. આ સીવાય બીજુ કશું જાણતા નથી.**

**૨૦.૧ આ સાહેદને વિદવાન એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદવાન એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો આ સાહેદને પુછવામાં આવતા તેમાં પણ આ સાહેદે ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં કોઈ જ ફળદાયક હકીકત જણાવેલ નથી. તેમજ આરોપી**

પક્ષ તરફે આ સાહેદની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

૨૧. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ દીલીપભાઈ રામજીભાઈ મોડીયાને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે છેલ્લા બે વર્ષથી ફરજ બજાવે છે. આ દરમ્યાન તા.૧૩/૦૧/૨૦૧૮ ના રોજ તેઓ મુનસર બીટમાં ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરીયાદી રાજુભાઈ ઓડ, રહેવાશી મુનસર રોડનાઓ તેઓની પાસે આવેલા અને ફરીયાદ કરવાની રજુઆત કરતા તેઓએ તેમના કહયા પ્રમાણેની ફરીયાદ લખેલી અને ફરીયાદ લખ્યા બાદ દાખલ થવા સારુ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલી. નિશાની ૮/૧, વાળી ફરીયાદ, જે તેઓએ જાતે ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ કોમ્પ્યુટરમાં ટાઈપ કરી પ્રીન્ટ કાઢી ફરીયાદીને વાંચી સંભળાવી ફરીયાદીનો તેઓના રૂબરૂનો અંગુઠો કરાવેલ અને તેમાં રૂબરૂ તરીકે તેઓએ તેઓની સહી કરેલી. જે આંક–૩૪ થી રજુ છે.

૨૧.૧ આરોપીપક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો ઈન્કારેલ છે કે તેઓએ ફરીયાદીની ફરીયાદ મુનસર ચોકીએ લીધેલી અને મહેશભાઈ અને કાજલબેનના લખાવ્યા મુજબ તેઓએ ફરીયાદ લખેલી. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે ફરીયાદી સાથે કાજલબેન દેવીપુજક અને મહેશભાઈ મેરાભાઈ પરમાર પણ ફરીયાદ કરવા આવેલા.

૨૨. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ઉજમશીભાઈ ગોવીંદભાઈ શાહ, તપાસ કરનાર અમલદારને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૩/૦૧/૨૦૧૮ ના રોજ તેઓ વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે પી.એસ.ઓ. વનરાજસીંહ

ઝાલાનાઓએ પો.સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં. ૩/૧૮, આઈ.પી.સી. કલમ – ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), પોકસો એકટ કલમ – ૩, ૪ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપેલી. જે તપાસ હકીકતથી વાકેફ થતા, ફરીયાદી તરીકે રાજુભાઈ નટુભાઈ ઓડ તથા આરોપી તરીકે મનીષ ઉર્ફે મોન્ટુ રાજનભાઈ હોય, જેઓએ ફરીયાદીની સગીર વયની દીકરી, ઉ.વ. ૧૫ વાળીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, લાફો મારી, તા. ૦૮/૦૧/૨૦૧૮ ના રોજ બ્રાહમણના સ્મશાનમાં કલાક ૧૯–૩૦ વાગ્યે સંભોગ કરેલાનું ફરીયાદમાં જાહેર કરેલ. જે ફરીયાદ વંચાણે લઈ કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ ગુન્હાવાળી જગ્યાએ જઈ બે પંચોના માણસો બોલાવી, તે જગ્યાનું પંચનામુ કરેલું. તે પંચનામામાં રૂબરૂપણામાં તેઓની સહી કરેલી. ત્યાર બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવી આ કામે ભોગ બનનાર તથા આરોપીની તપાસ કરતા મળી આવતા ભોગ બનનારનું નિવેદન લઈ બનાવને સમર્થન આપતી હકીકત લખાવતા હોય તે વિગતવાર લખી લઈ વુમન પોલીસ કોન્સ્ટેબલ સાથે ભોગ બનનારની શારીરિક તપાસણી કરાવેલ અને જરૂરી નમુના લેવડાવેલ તેમજ કપડા રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરેલા. ત્યાર બાદ આરોપીનું વિગતવાર નિવેદન લીધેલ અને બે પંચો બોલાવી પંચનામાની વિગતે આરોપીને અટક કરી લાગતા વળગતા રજીસ્ટરે દાખલો રાખી ચહેરા નિશાન પત્રક ભરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. આરોપીની પણ મેડીકલ તપાસ કરાવેલ અને જરૂરી નમુનાઓ લેવડાવેલ. આરોપીએ કપડા રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ લીધેલ નમુનાઓ રવાનગી પત્ર તૈયાર કરી, એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ. આ કામે વપરાયેલ એકટીવા વાહન સાહેદ મુન્નીબાઈએ રજુ કરતા તે એકટીવા નંબર જીજે–૦૧–જેકબલ્યુ–૫૫૬૧, વાળું તપાસ અર્થે કબજે કરેલ. ત્યાર બાદ આ કામે બાયોલોજી વિભાગ તથા સીરોલોજી વિભાગના રીપોર્ટ આવતા અને આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતો પુરાવો હોય આરોપી સામે ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખે છે, જે કોર્ટમાં હાજર છે. આંક – ૩૪ ની ફરીયાદ જે તેઓને તપાસના કામે મળેલ તે જ છે. નિશાની ૮/૩ વાળો દસ્તાવેજ વિરમગામ

નગરપાલીકાના ચીફ ઓફીસરને ભોગ બનનારના જન્મ અંગે રેકર્ડ જોઈ ખરાઈ કરી આપવા જણાવ્યાની યાદી રહેલી છે. જેમાં તેઓની સહી છે. જે આંક–૩૬ થી રજુ છે. નિશાની ૮/૪ થી ભોગ બનનારનું નગરપાલીકા, વિરમગામમાંથી મેળવેલ જન્મનું પ્રમાણપત્ર છે. જે તેઓએ તપાસના કામે મેળવેલ તે જ છે. જે આંક–૩૭ થી રજુ છે. આંક–૧૫, ૨૨, ૨૭ વાળા પંચનામાઓમાં રૂબરૂપણામાં તેઓની સહીઓ છે. જે તેઓએ પંચોના લખાવ્યા મુજબના લખી લીધેલા. નિશાની ૮/૬ વાળુ આરોપીની શરીર સ્થિતીનું પંચનામુ જે તેઓએ તપાસના કામે બે પંચોના લખાવ્યા મુજબનું તેઓની હાજરીમાં લખી લીધેલ અને તેમાં રૂબરૂપણામાં તેઓની સહી છે. જે આંક–૩૮ થી રજુ છે. નિશાની ૮/૯ થી એફ.એસ.એલ. સ્થળ પરીક્ષણ અહેવાલ, જે તેઓની હાજરીમાં એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ પરીક્ષણ કરેલ તે જ છે. જેમાં એફ.એસ.એલ. અધિકારીની સહી છે જે તેઓએ તેમની હાજરીમાં તૈયાર કરેલ અને તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જે આંક–૩૯ થી રજુ છે. નિશાની ૮/૧૦ થી ભોગ બનનારની મેડીકલ તપાસણી અંગેની યાદી છે. જેમાં તેઓની સહી છે. જે આંક–૪૦ થી રજુ છે. નિશાની ૮/૧૨ થી આરોપીની શારીરિક તપાસણી તથા જરૂરી નમુનાઓ મેળવવાની યાદી છે. જેમાં તેઓની સહી છે. જે આંક–૪૧ થી રજુ છે. નિશાની ૮/૧૪ થી ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ નું નિવેદન લેવા માટેની તેઓની સહી વાળી યાદી છે. જે આંક–૪૨ થી રજુ છે. નિશાની ૮/૧૬ થી મુદામાલ રાવનગી નોંધ તથા સતા અંગેનું પ્રમાણપત્ર છે. જેમાં તેઓની સહી છે. જે આંક–૪૩ થી રજુ છે. નિશાની ૮/૧૭ થી મુદામાલ પહોંચ છે. જે તેઓની તપાસના કામે મળતા સામેલ રાખેલ તે જ છે. જે આંક–૪૪ થી રજુ છે. ભોગ બનનાર તથા આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આ મુદામાલ કપડા તેઓએ પંચનામાની વિગતે કબજે કરેલા તે જ છે.

૨૨.૧ આરોપીપક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો સ્વીકારેલ છે કે તા. ૦૮/૦૧/૨૦૧૮ ના રોજ

રાત્રે ૭–૩૦ વાગ્યે અંધારાનો સમય હતો અને આ ગુન્હાવાળી જગ્યાએ કોઈ લાઈટની વ્યવસ્થા હોય તેવી કોઈ હકીકત તેઓએ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં જણાવેલ નથી. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે બ્રાહમણના સ્મશાન પાસે ડુમાણા જવાનો પાકો રોડ આવેલો છે અને માણસોની તથા વાહનોની અવર જવર આ રોડ ઉપર હોય છે. તેઓએ એ હકીકતો ઈન્કારેલ છે કે આ કામે તૈયાર પંચનામાઓમાં પંચોની સહીઓ લીધેલી અને સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલ છે અને તેઓની તપાસના કામે આરોપીએ જબરજસ્તીથી ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત ખુલેલ નથી.

૨૩. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ડો. મહેર અસ્મા અબ્દુલ કરીમ રંગીનવાલાને આંક–૪૫ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૦/૦૬/૨૦૦૯ થી તા.૦૪/૦૪/૨૦૧૮ સુધી તેઓ વિરમગામ સી.એચ.સી. ખાતે સુપ્રીન્ટેન્ડન્ટ ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન તા. ૧૪/૦૧/૨૦૧૮ ના રોજ વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનના વુમન કોન્સ્ટેબલ એક ભોગ બનનાર બહેનને સી.એચ.સી. વિરમગામના મેડીકલ ઓફીસરશ્રીએ વધુ તપાસ અર્થે રીફર કરતા તેઓની સમક્ષ વધુ શારીરિક તપાસ માટે લઈને આવેલા. આ ભોગબનનારે તેઓની સમક્ષની હીસ્ટ્રીમાં તેણીની ઉંમર ૧૫ વર્ષ જણાવેલ, તેમની ઉંમરનો કોઈ પુરાવો, તેઓએ તેમની સમક્ષ રજુ કરેલો નહીં. આ ભોગ બનનારની શારીરિક તપાસ તેઓએ તેઓની હોસ્પીટલના સ્ટાફ નર્સની હાજરીમાં કરેલી. ભોગ બનનારે તેઓની સમક્ષ બનાવની હીસ્ટ્રીમાં જણાવેલ કે, તેના માસીના મોબાઈલ ઉપર તા.૦૮/૦૧/૨૦૧૮ ના રોજ ફોન આવેલો અને તેને મેલડી માતાના મંદીર નજીક ભૂતનાથ પાસે મળવાનું કહેલું અને ત્યાં તેને લાફો મારી એક એકાંત સ્થળે મનીષ ઉર્ફે મોન્ટુ રાજનભાઈ ડાભીએ તેની સાથે શારીરિક સંબંધ બાંધેલ છે અને તેણીને તેની સાથે બે વર્ષથી સંબંધ છે. ભોગ બનનારની શારીરિક તપાસ શરૂ કરતા પહેલા તેઓની સંમતી મેળવવામાં આવેલી. ભોગ બનનારની બાહય

તપાસ કરતા તેણીનો શરીરનો બાંધો સામાન્ય હતો. તેઓ તપાસમાં સહકાર આપનાર અને સભાન હતા. તેમના પલ્સ, બી.પી., શરીરનું તાપમાન સામાન્ય હતા. તેમના શરીર ઉપર ઓળખના ચીન્હમાં ગળા ઉપર ડાબી બાજુએ ૪ એમ.એમ. નો તલ હતો. તેમના સેકન્ડરી સેકસ્યુલ કેરેકટર વિકસીત અને સામાન્ય હતા. ગર્ભાશયનું મુખ તથા યોની માર્ગ સામાન્ય હતા. તેમનો હાયમેન તુટેલો હતો. તેમના પ્યુબીક અને એક્ષીલરી હેર ચોંટેલા ન હતા. તેમના ગુપ્ત ભાગે કોઈ આંતરીક કે બાહય ઈજાના નિશાન ન હતા. તેઓએ માસીકની હકીકતમાં જણાવેલ કે તેમના માસીકનું ચક્ર સામાન્ય હતું અને તે દરમ્યાન થોડો દુખાવો રહેતો હતો અને છેલ્લું માસીક આશરે તા.૨૮/૧૨/૨૦૧૭ ના રોજ આવેલ હતું. આ ભોગ બનનારની શારીરિક તપાસ દરમ્યાન જરૂરી નમુનાઓ મેડીકલ ઓફીસર, સી.એચ.સી., વિરમગામનાઓએ મેળવેલા અને એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલી આપેલ. ભોગ બનનારને તેમની તપાસ દરમ્યાન એવી સલાહ આપવામાં આવેલી કે જો માસીક પાંચ દીવસ ઉપર જાય અથવા તો કોઈ ઈન્ફેકશનના ચીન્હો જણાય તો જાણ કરવી. ભોગ બનનાર શારીરિક સંબંધ બાંધવા ટેવાયેલા ન હતા. નિશાની ૮/૧૧ થી ભોગ બનનારની શારીરિક તપાસણીનું પ્રમાણપત્ર છે. જે તેઓના હસ્તાક્ષરમાં છે અને તેમાં તેઓની સહી અને તેઓના હોદાનો રબ્બર સ્ટેમ્પ રહેલ છે. જે આંક–૪૬ થી રજુ છે.

૨૩.૧ આ સાહેદની ઉલટ તપાસ આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતો કબુલ રાખેલ છે કે ભોગ બનનારના શરીર ઉપર કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાનો ન હતા અને ભોગ બનનારને તેઓની સમક્ષ શારીરિક તપાસણી માટે વુમન કોન્સ્ટેબલ લઈને આવેલા. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે વુમન કોન્સ્ટેબલે જણાવ્યા પ્રમાણેની હીસ્ટ્રી તેઓએ તેઓના પ્રમાણપત્રમાં લખી લીધેલી.

૨૪. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ડો. શહેબાઝ મોહંમદ ઈશાકક

શેખને આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૪/૦૧/૨૦૧૮ ના રોજ તેઓ વિરમગામ સી.એચ.સી. ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનની યાદી સાથે બપોરે સવા બાર વાગ્યે એ.એસ.આઈ. દીલીપભાઈ બકલ નંબર ૫૧૯ નાઓ તથા એક વુમન કોન્સ્ટેબલ એક ભોગ બનનાર બહેનને તેમની શારીરિક તપાસ માટે લઈને આવેલા. આ ભોગબનનારે તેઓની સમક્ષની હીસ્ટ્રીમાં તેણીની ઉંમર ૧૫ વર્ષ જણાવેલ, તેમની ઉંમરનો કોઈ પુરાવો તેઓએ તેમની સમક્ષ રજુ કરેલો નહીં. આ ભોગ બનનારની શારીરિક તપાસ, તેઓએ તેઓની હોસ્પીટલના સ્ટાફ નર્સની હાજરીમાં કરેલી. ભોગ બનનારની શારીરિક તપાસ શરૂ કરતા પહેલા તેઓની સંમતી મેળવવામાં આવેલી અને તે બદલ તેમની સહી ઓ.પી.ડી. કેસ પેપર્સમાં મેળવવામાં આવેલી. ભોગ બનનારે તેઓની સમક્ષ બનાવની હીસ્ટ્રીમાં જે હકીકત જણાવેલ તે પણ ઓ.પી.ડી. કેસ પેપર્સમાં લખી લેવામાં આવેલી. ભોગ બનનારની બાહય તપાસ કરતા તેણીના ડાબા પગ ઉપર ઘણા બધા છોલાયાના નિશાનો જોવા મળેલા. તેમના કપાળના ભાગે જમણી આંખની આઈબ્રો ઉપરના ભાગે ચેક ચીરો જોવા મળેલો. તેમના શરીર ઉપર ઓળખના ચીન્હમાં ગળા ઉપર ડાબી બાજુએ ૪ એમ.એમ. નો તલ હતો. તેઓ તેમની સમક્ષ તપાસ માટે આવેલા તે પહેલા કપડા બદલેલા હતા અને સ્નાન પણ કરેલું હતું. તેઓએ પેશાબ અને સંડાસ પસાર કરેલા હતા. તેમના પલ્સ, શરીરનું તાપમાન વગેરે સામાન્ય હતા. ભોગ બનનારનો વજન ૩૫ કીલો હતો. તેમની ઉંચાઈ ૫ .૩" હતી. તેમનો બાંધો સામાન્ય હતો. તેમના ગુપ્ત ભાગના વાળ ચોંટેલા ન હતા. તેમની છાતીના ભાગે કોઈ ઈજા કે નિશાન ન હતા કે કોઈ પ્રવાહી મળી આવેલ નહીં. તેમનું માસીક ચક્ર સામાન્ય હતું. તેમના છેલ્લા માસીકની તારીખ ૨૮/૧૨/૨૦૧૭ ની હતી. આ ભોગ બનનારની શારીરિક તપાસ નીચે મુજબના જરૂરી નમુનાઓ મેળવેલા અને એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલી આપવા એ.એસ.આઈ. દીલીપભાઈને સોંપી આપેલા. (૧) બગલના વાળ. (૨) ગુપ્ત ભાગના વાળ. (૩) વજાઈનલ સ્વોબ. (૪) નખ. (૫) લોહી. ભોગ બનનારને વધુ

શારીરિક તપાસ માટે ગાયનેકોલોજીસ્ટ તરફ રીફર કરવામાં આવેલા. નિશાની ૮/૧૮ થી ભોગ બનનારની શારીરિક તપાસણીનું પ્રમાણપત્ર છે. જે તેઓના હસ્તાક્ષરમાં છે અને તેમાં તેઓની સહી અને તેઓના હોદાનો રબ્બર સ્ટેમ્પ રહેલ છે. જે આંક–૪૯ થી રજુ છે. તે જ દીવસે તા.૧૪/૦૧/૨૦૧૮ ના રોજ એક આરોપી નામે મનીષ રણજીતસીંહ ડાભી ઉર્ફે મોન્ટુ, ઉ.વ. ૨૮ નાઓને બપોરના આશરે ૨–૫૫ વાગ્યે પોલીસ યાદી સાથે શારીરિક તપાસ અર્થે લાવેલા. આ આરોપીની શારીરિક તપાસ શરૂ કરતા પહેલા તેમની સંમતી મેળવેલી અને એમ.એલ.સી. નંબર – ૧૬/૨૦૧૮ ની કેસ નોંધેલો. આરોપીએ તેઓની સમક્ષ બનાવની હીસ્ટ્રીમાં કોઈ હકીકત જણાવેલ નહીં. આરોપીની તપાસ કરતા તેમનો શરીરનો બાંધો સામાન્ય હતો. તેઓ તપાસમાં સહકાર આપનાર અને સભાન હતા. તેમના પલ્સ, બી.પી., શરીરનું તાપમાન સામાન્ય હતા. તેમના શરીર ઉપર કોઈ ઈજાના કે અન્ય નિશાનો ન હતા. તેઓ આલ્કોહોલની અસર હેઠળ ન હતા. તેમના ગુપ્ત ભાગે તેમજ પ્યુબીક એરીયામાં કોઈ આંતરીક કે બાહય ઈજાના નિશાન ન હતા. તેમના ગુપ્ત ભાગે કોઈ બીમારી કે ઈન્ફેકશનના નિશાનો પણ જણાયેલ નહીં. તેમનું પેનીશ સામાન્ય હતું અને તેના ઉપર કોઈ ઓપરેશન થયેલ ન હતું. તપાસ સમયે પેનીશ ઉપર સ્મેગમા જણાયેલ નહીં. પેનીશ ઉપર તથા પ્યુબીક હેયર ઉપર કોઈ મેટીંગના નિશાનો જણાયેલ નહીં. આરોપીની શારીરિક તપાસ દરમ્યાન એફ.એસ.એલ. પરીક્ષણ માટે નીચે મુજબના નમુનાઓ મેળવેલ અને તે પોલીસ કોન્સ્ટેબલ નટવરસીંહ બકલ નંબર ૩૦૫ને સોંપવામાં આવેલા. (૧) નખ, (૨) એક્ષીલરી હેર તથા પ્યુબીક હેર, (૩) લોહી, (૪) સલાઈવા, (૫) સીમેન. આરોપીની કરેલ શારીરિક તપાસના આધારે તેઓએ અભિપ્રાય આપેલ કે આ આરોપી શારીરિક સંબંધ બાંધવા સક્ષમ છે. નિશાની ૮/૧૩ થી આરોપીની શારીરિક તપાસણીનું પ્રમાણપત્ર છે. જે તેઓના હસ્તાક્ષરમાં છે અને તેમાં તેઓની સહી અને તેઓનો હોદાનો રબ્બર સ્ટેમ્પ રહેલ છે. જે આંક–૪૯ થી રજુ છે.

૨૪.૧ આ સાહેદની ઉલટ તપાસ આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ

જેમાં તેઓએ એ હકીકતો કબુલ રાખેલ છે કે ભોગ બનનારના ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાનો ન હતા અને તપાસ દરમ્યાન ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવેલ હતો તેવા કોઈ નિશાનો મળી આવેલા નહીં. તેઓએ એ હકીકતો ઈન્કારેલ છે કે ભોગ બનનારે કોઈ હીસ્ટ્રી જણાવેલી નહીં અને આરોપીને જે પોલીસવાળા લાવેલા હતા તેમણે જે હીસ્ટ્રી શીખવાડેલી તે આરોપીએ તેઓની સમક્ષ જણાવેલી અને પોલીસવાળાએ જણાવ્યા પ્રમાણેની હીસ્ટ્રી તેઓએ લખી લીધેલી.

૨૫. ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદ તે પ્રથમ પાસુ રહેલ છે અને ફરીયાદ નોંધાયા બાદથી સમગ્ર પ્રક્રિયા ગતિમાં આવે છે અને તેથી ફરીયાદ મુજબની આક્ષેપીત હકીકતો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. આ કામે રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે આ કામે આંક–૩૪ થી રજુ થયેલ ફરીયાદ ભોગબનનારના પિતા રાજુભાઈ નથુભાઈ ઓડ દવારા આપવામાં આવેલ છે. પરંતુ ફરીયાદીને આ કામે તપાસવામાં આવેલા નથી. ભોગબનનારના માતૃશ્રી અને આ કામના સાહેદ ઈલાબેન રાજુભાઈ પણ તેમના આંક–૨૦ ના પુરાવામાં ફરીયાદ તેમના પતિએ આપી હોવાનું જણાવે છે. ફરીયાદ જેમના રુબરુ નોંધવામાં આવેલી તે સાહેદ એ.એસ.આઈ. શ્રી દીલીપભાઈ રામજીભાઈ મોડીયાના આંક–૩૩ ના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે તા.૧ ૩/૦૧/૨૦૧૮ ના રોજ ફરીયાદી રાજુભાઈ ઓડ તેમની સમક્ષ ફરીયાદની રજુઆત કરવા આવેલ અને તેમના કહેવા પ્રમાણેની ફરીયાદ તેઓએ કોમ્પ્યુટરમાં ટાઈપ કરી પ્રીન્ટ કાઢી ફરીયાદીનો તેમના રુબરુનો અંગુઠો મેળવી તેમની પોતાની સહી કરેલી તેવી હકીકત જણાવે છે. આમ, આ સાહેદના પુરાવાથી તેઓએ માત્ર ફરીયાદની હકીકત લખી લીધેલ હોવાની હકીકત ફલીત થાય છે. આ સાહેદે તેમની ઉલટતપાસમાં ફરીયાદી સાથે કાજલબેન દેવીપુજક અને મહેશભાઈ મેરાભાઈ પરમાર પણ ફરીયાદ કરવા આવેલ હોવાની હકીકત જણાય આવે છે. ફરીયાદ પક્ષ દવારા મહેશભાઈ મેરાભાઈ પરમારને આંક–૨૫ થી અને કાજલબેન પ્રકાશભાઈ

દેવીપુજકને આંક–૨૮ થી તપાસવામાં આવેલા છે. પરંતુ આ બંને સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં તેમની હાજરીમાં ફરીયાદી રાજુભાઈ નથુભાઈ ઓડનાઓએ ફરીયાદ હકીકત લખાવેલ હોવાની કોઈ હકીકત જણાવેલ નથી. આ સંજોગોમાં આંક–૩૪ ની ફરીયાદની હકીકતો ફરીયાદ પક્ષના પુરાવાઓથી પુરવાર થયેલ નથી.

૨૬. હાથ પરના કીસ્સા જેવા બળાત્કારના આરોપની સાબીતી માટે ફરીયાદ પક્ષ તરફે સૌથી મહત્વનો પુરાવો ભોગ બનનારનો રહેલો હોય છે. આ કામના ભોગબનનારને ફરીયાદ પક્ષ દવારા આંક–૧૮ થી તપાસવામાં આવેલા છે. આ ભોગબનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા સ્પષ્ટ થાય છે કે તેઓએ આંક–૩૪ ની ફરીયાદની હકીકતોને કોઈ જ સમર્થન આપેલ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં કોઈ જ ફળદાયક હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ભોગબનનારે તેમના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેણીને આરોપી મનીષ ઉર્ફે મોન્ટુએ કોઈ પણ જગ્યાએ ફોન કરીને બોલાવેલ હોય અને તેમની સાથે ગાળો બોલી માર મારેલ હોય તેવું બનેલ નથી અને તેમની સાથે કોઈ ઈસમે તેમની ઈચ્છા વિરુધ્ધ બળજબરી કરી દુષ્કર્મ કરેલુ હોય અને કોઈ અન્ય જગ્યાએ પણ માર મારેલ હોય અને આ બનાવ બાબતે તેમના માતા પિતાએ ઠપકો આપેલ હોય તેવું બનેલ નથી.  વધુમાં બચાવ પક્ષની ઉલટતપાસમાં તેણીએ કબુલ રાખેલ છે કે આરોપી મોન્ટુ મુન્ની માસીને ત્યાં આવતો જતો હોય તેથી તેમને તેની સાથે ફકત બોલવા ચાલવાનો સંબંધ હતો અને આરોપી મોન્ટુએ કોઈ બળજબરીથી કે તેમની ઈચ્છાથી શરીર સંબંધ બાંધેલ નથી. આમ, ખુદ ભોગબનનાર આંક–૩૪ ની ફરીયાદની હકીકતોને ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા નથી. આથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની હકીકત સાબીત થતી નથી.

૨૭. ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવાઓનું વિશ્લેષણ કરતા જણાય છે કે, આ કામે ભોગબનનારનું વિદવાન મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૬૪ મુજબનું લેવાયેલ નિવેદન આંક–૧૯ થી રજુ થયેલ છે. ભોગબનનારે તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ નિવેદનમાં રહેલી તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. આરોપી પક્ષ તરફે કલમ –૧૬૪ ના આ નિવેદન સંબંધે કોઈ ઉલટતપાસમાં સવાલ ભોગબનનારને કરવામાં આવેલ નથી. આમ, ભોગબનનારનું કલમ –૧૬૪ મુજબનું નિવેદન રેકર્ડ ઉપર રહેલ છે. પરંતુ જયારે ખુદ ભોગબનનારના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને તેઓએ તમેની સાથે આરોપીએ તેમની મરજી વિરુધ્ધ કે ઈચ્છાથી કોઈ શારીરીક સંબંધ બાંધેલ ન હોવાની હકીકત જણાવેલ છે ત્યારે ભોગબનનારના આ કલમ – ૧૬૪ મુજબના નિવેદન સ્વરૂપના એકમાત્ર પુરાવાના આધારે ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપાયેલ તહોમતની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું કહી શકાય નહીં.

૨૮. આ કામે ફરીયાદ પક્ષ તરફે ભોગબનનારના માતા ઈલાબેન રાજુભાઈ કોડને આંક–૨૦ થી તપાસેલા છે. આ સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે તેમનો પુરાવો કથોપકથીત સ્વરૂપનો પુરાવો રહેલો છે. તેઓએ પુરાવામાં એટલી જ હકીકત જણાવેલી છે કે આરોપી મનીષ અને તેમની દિકરીને કોઈ બાબતે બોલચાલ તકરાર મુન્ની માસીના ઘરે થયેલી તેવી હકીકત તેમના પતિએ ઘરે આવીને કરેલી અને આ તકરાર બાબતે તપાસ કરવા તેઓએ તેમની ભાણી કાજલબેનને જણાવેલ. આ સાહેદના પુરાવા પરથી જણાય છે કે ભોગબનનારે આ સાહેદને કોઈ બનાવ બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. આરોપી મનીષ અને ભોગબનનાર વચ્ચે ફરીથી બોલાચાલી થયાની હકીકત પણ તેઓએ પાછળથી જાણેલી. આ સાહેદે તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેમની દિકરીએ તેની સાથે કોઈએ બળજબરી કરી હોય કે તેની સાથે કોઈ દુષ્કર્મ કરેલ હોય તેમને જણાવેલ નહીં. આરોપી મનીષ સાથે બોલાચાલી થયા

અંગેની ફરીયાદ તેમના પતિએ કરી હોવાનું જણાવે છે. આમ, તેમના પતિએ ભોગબનનાર સાથે આરોપીએ કોઈ બળજબરીથી શરીર સંબંધ બાંધેલ હોવા અંગેનો કે ભોગબનનારને ગાળો બોલી માર મારેલ હોવા અંગે ફરીયાદ કરેલ હોવાની કોઈ હકીકત આ મહત્વના સાહેદ સોગંદ ઉપર જણાવતા નથી. આ સાહેદના પુરાવા પરથી પણ તેમને આરોપી સામે આક્ષેપીત હકીકત વાળા બનાવ વિશે કોઈ અંગત જાણકારી હોવાની હકીકત સ્પષ્ટ થતી નથી. આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને આ સંજોગોમાં મદદરુપ બનતો નથી.

૨૯. ફરીયાદ પક્ષ તરફે બે સ્વતંત્ર સાહેદો અનુક્રમે આંક–૨૫ થી સાહેદ મહેશભાઈ મેરાભાઈ પરમારને તથા આંક–૨૮ થી સાહેદ કાજલબેન પ્રકાશભાઈ દેવીપુજકને તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદોના પુરાવાઓ પરસ્પર વિસંગત હકીકત વાળા રહેલા છે. સાહેદ મહેશભાઈ, રાજુભાઈ નથુભાઈ ઓડ અને મોન્ટુ વચ્ચે ઝગડો થયાનું જણાવે છે. જયારે કે સાહેદ કાજલબેન ભોગબનનાર અને આરોપી મનીષભાઈ વચ્ચે ઝગડો થયાનું જણાવે છે. આ બંને સાહેદોએ તેઓ આવા ઝગડા સમયે હાજર ન હોવાનું જણાવેલ છે. સાહેદ કાજલબેને તેમના પુરાવમાં ભોગબનનારે તેમને કોઈ બનાવની વાત કરેલ ન હોવાનું જણાવે છે. ભોગબનનારે આ સાહેદને આરોપીએ કોઈ ખરાબ કામ ભોગબનનાર સાથે કરેલુ હોય તેવું જણાવેલ નહીં હોવાનું પણ આ સાહેદે જણાવેલ છે. સાહેદ મહેશભાઈએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે રાજુભાઈની ભોગબનનાર દિકરીએ તેમને કોઈ હકીકત જણાવેલી નહીં. આમ, આ બંને સાહેદોના મૌખિક પુરાવાથી આરોપી સામે આક્ષેપીત ગુનાની હકીકતો પુરવાર થવા માટે કોઈ વિશ્વસનીય હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી.

૩૦. ફરીયાદ પક્ષ તરફે અન્ય સ્વતંત્ર સાહેદ ચંદ્રીકાબેન દશરથભાઈ ઠાકોરને આંક–૩૦ થી તપાસવામાં આવેલા છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ આ સાહેદના મોબાઈલ ફોન ઉપર ફોન કરીને આરોપીએ ભોગબનનાર સાથે વાત કરી

ભોગબનનારને બનાવના સ્થળે બોલાવેલ હતા. પરંતુ ફરીયાદ પક્ષના કેસની આ હકીકતોને આ સાહેદે તેમના મૌખિક પુરાવાથી કોઈ સમર્થન આપેલ નથી. આ સાહેદના પુરાવાથી એવી હકીકત જણાય આવે છે કે ભોગબનનારે આ સાહેદનો મોબાઈલ તેમના પિતા સાથે વાત કરવા જણાવી માગેલો અને તેના ફોનમાંથી ભોગબનનારે કોની સાથે વાત કરેલી તેની તેમને ખબર નથી. આ સંજોગોમાં આ સાહેદના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

૩૧. આ કામે ભોગબનનારની શારીરિક તપાસ કરનાર તબીબ ડો. શહેબાઝ મોહંમદ ઈશાક શેખને આંક–૪૭ થી ફરીયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામાં ભોગબનનારે તેમના સમક્ષ શું હીસ્ટ્રી જણાવેલી તે બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગબનનારની પ્રાથમીક શારીરીક તપાસ મેડીકલ ઓફીસરશ્રી દવારા કરાયા બાદ તેમને વધુ તપાસ માટે ગાયનેકોલોજીસ્ટ તરફ રીફર કરવામાં આવેલા. આ ગાયનેકોલોજીસ્ટ તબીબ ડો. મહેર અસ્મા અબ્દુલ કરીમ રંગીનવાલાને ફરીયાદ પક્ષ દવારા આંક–૪૫ થી તપાસવામાં આવેલા છે. આ તબીબી અધિકારીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે આરોપીએ મોબાઈલ કરી ભુતનાથ પાસે મળવાનું કહેલુ અને ત્યાં લાફો મારી એકાંત સ્થળે મનીષ ઉર્ફે મોન્ટુએ તેની સાથે શારીરીક સંબંધ બાંધેલ અને તેણીને તેની સાથે બે વર્ષથી સંબંધ છે. આ તબીબી અધિકારીએ એવું પણ જણાવેલ છે કે ભોગબનનાર શારીરીક સંબંધ બાંધવા ટેવાયેલા ન હતા. આ બંને તબીબી અધિકારીઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે ભોગબનનારના ગુપ્ત ભાગે કોઈ ઈજાના નીશાનો ન હતા અને ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધવામાં આવેલ હતો તેવા કોઈ નીશાનો મળી આવેલા નહીં. આમ, તબીબી પુરાવાઓના આધારે પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી.

૩૨. આ કામે આરોપી સામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ – ૨૦૧૨ ની કલમ ૩ અને ૪ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ રહેલ છે. આ કાયદાની કલમ મુજબનો ગુનો બન્યાનો ત્યારે જ કહી શકાય કે જયારે આવો ગુનો સગીર વયના બાળક સાથે થયેલો હોય. આમ, ફરીયાદ પક્ષ તરફે સૌ પ્રથમ ભોગબનનાર બનાવ સમયે સગીરવયના હોવાની હકીકત પુરવાર કરવી આવશ્યક રહેલ છે. આ કામે ફરીયાદ પક્ષ દવારા આંક–૩૭ થી ભોગબનનારનો જન્મનનો દાખલો રજુ રખાયેલ છે. જે મુજબ ભોગબનનારની જન્મ તા.૧૯/૧૦/૨૦૦૩ રહેલી છે. જયારે કે ફરીયાદ હકીકત મુજબનો બનાવ તા.૦૮/૦૧/૨૦૧૮ ના રોજ બનવા પામેલ છે. આમ, રેકર્ડ ઉપરના પુરાવાથી પ્રથમ દર્શનીય રીતે એ હકીકત જણાય આવે છે કે ફરીયાદ હકીકત મુજબના બનાવના દિવસે ભોગબનનાર ૧૪ વર્ષ અને બે માસની ઉમરના સગીર વયના રહેલા હતા. આમ, રેકર્ડ પરના પુરાવાથી તા.૦૮/૦૧/૨૦૧૮ ના રોજ ભોગબનનાર ૧૪ વર્ષના સગીર વયના હોવાની હકીકત પુરવાર થાય છે.

૩૩. હાલના આરોપી સામે ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૭૬ મુજબના બળાત્કારના ગુન્હાનો પણ આક્ષેપ રહેલો છે. આ ગુન્હા અંગેની આક્ષેપિત હકીકતો પુરવાર કરવા માટે સૌથી મહત્વના સાહેદ ભોગબનનાર રહેલા છે અને ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ભોગ બનનાર ધ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવામાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫ માં વ્યાખ્યાઈત કર્યા મુજબના બળાત્કારના ગુન્હાની હકીકતો પુરવાર કરવા માટેના કોઈ કથનો જણાવેલા નથી. ભોગબનનાર ધ્વારા સ્પષ્ટપણે સોગંદ ઉપર જણાવેલ છે કે આરોપીએ તેમની સાથે બળજબરીપૂર્વક કે તેમની ઈચ્છાથી કોઈ શારીરિક સંબંધ બાંધેલ નથી. આમ, ભોગબનનારે આરોપીએ તેમની સાથે તેમની ઈચ્છા અને મરજી વિરૂધ્ધ બળાત્કારે સંભોગ કર્યાની પણ કોઈ જ હકીકત સોગંદ ઉપર જણાવેલ નથી. આમ, ખુદ ભોગબનનાર ધ્વારા ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી.

૩૪. આ કામના આરોપી સામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ – ૨૦૧૨ ની કલમ ૩ અને ૪ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ રહેલ છે. આ કાયદાની કલમ – ૩ ની જોગવાઈ પ્રવેશ જાતિય હુમલા અંગે વ્યાખ્યા દર્શાવતી રહેલી છે અને કલમ – ૩ માં વ્યાખ્યાઈત કર્યા મુજબનો પ્રવેશ જાતિય હુમલો પુરવાર થયાના પ્રસંગે કલમ – ૪ માં નિર્દીષ્ઠ કર્યા મુજબની સજાની જોગવાઈ રહેલી છે. હાથ ઉપરના કેસમાં આરોપી સામે આરોપીએ ભોગબનનાર સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ રાખેલ હોવાનો આરોપ રહેલો છે. આ સંજોગોમાં આ અધિનીયમની કલમ – ૩(એ) ની જોગવાઈ મુજબનું કૃત્ય આરોપીએ કર્યાની હકીકત ફરીયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવી જોઈએ. ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચાને ધ્યાને લેતા અને રેકર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લેતા જયારે ખુદ ભોગબનનારે તેમના સોગંદ ઉપરના પુરાવામાં આરોપીએ તેમની સાથે તેમની મરજી થી કે બળજબરીપૂર્વક કોઈ શારીરિક સંબંધ બાંધેલ ન હોવાનું જણાવેલ છે ત્યારે આ અધિનીયમની કલમ – ૩ માં જણાવ્યા મુજબનો પ્રવેશ જાતિય હુમલા અંગેનો ગુન્હો આરોપીએ કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ ન હોય આરોપીને આ અધિનીયમની કલમ – ૪ મુજબ કસુરવાર ઠરાવી શકાય નહીં.

૩૫. આમ, આ કામના આરોપી સામેનો ફરીયાદપક્ષનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા ઉપરોકત સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ભોગબનનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાના આંક–૧૫ ના પંચનામાના પંચ સાહેદ રાજેશભાઈ નાગરભાઈને આંક–૧૪ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવાની વિગતે આંક–૧૫ મુજબના પંચનામાની વિગતોને સમર્થન આપેલ છે અને તેમના રુબરુ પોલીસે કબજે કરેલ ભોગ બનનારના કપડાનું વર્ણન જણાવી ઓળખી બતાવેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા મુજબ જયારે ખુદ ભોગબનનારે ફરીયાદ હકીકતોને તેમજ આરોપી સામે આક્ષેપીત કથનોને કોઈ સમર્થન આપેલ નથી ત્યારે આ પંચ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહીં.

૩૬. આ કામે ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો ભીખાભાઈ જગુભાઈને આંક–૨૧ થી તેમજ લાલાભાઈ દલુભાઈને આંક–૨૬ થી તપાસવામાં આવેલા છે. પરંતુ તેઓએ તેમના પુરાવાથી આંક–૨૨ ના પંચનામાની કોઈ હકીકતોને સમર્થન કરેલ નથી. તેથી ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી.

૩૭. વિ.એ.પી.પી.શ્રી દવારા એવી રજુઆત પણ કરવામાં આવેલ છે કે તપાસ કરનાર અધિકારીએ તેમના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને પુરતુ સમર્થન આપેલ છે અને તેથી આરોપી સામેનો કેસ પુરવાર થયેલ છે. આ રજુઆત પરત્વે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપી સામે આક્ષેપાયેલ તહોમતની હકીકતો ફરીયાદ પક્ષ દવારા વિશ્વસનીય, માનવાલાયક અને ખાત્રી કરાવનારા પ્રત્યક્ષ પુરાવાઓથી પુરવાર કરવી જોઈએ. જયારે ફરીયાદ પક્ષ તરફે આવા પ્રત્યક્ષ પુરાવાઓ રજુ થયેલા હોય અને તે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીના સમર્થનકારી પુરાવાને ધ્યાને લઈ શકાય. હાથ પરના કીસ્સામાં ફરીયાદ પક્ષના મહત્વના સાહેદો જેવા કે ફરીયાદી, સ્વતંત્ર સાહેદ અને ભોગબનનાર દવારા તેમના સોગંદ ઉપરના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં કોઈ વિશ્વસનીય હકીકતો જણાવેલ નથી. ત્યારે માત્ર તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાની હકીકત સ્વીકારી શકાય નહીં.

૩૮. આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ....કે....મ.

ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના

**આરોપી મનીષ ઉર્ફે મોન્ટુ રણજીતસિંહ ઉર્ફે રાજનભાઈ ડાભી, રહે. ગોવાળ વાસ, વિરમગામ, જી.અમદાવાદનાંઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ સને ૨૦૧૨ ની કલમ ૩, ૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**સી.આર.પી.સી.ની કલમ ૪૩૭(ક) ની જોગવાઈને આધીન આરોપીએ આ હુકમ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થાય તો હાજર રહેવા રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી રકમના જાતમુચરકાના જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**આ કામે જપ્ત કરાયેલ મુદ્દામાલ આર્ટીકલ સંબંધે જે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તે આથી કાયમ રાખવામાં આવે છે, તેમજ મુદ્દામાલ મોબાઈલ અપીલ સમય પુરો થયે આરોપીને પરત સોપવાનો તેમજ બાકીના તમામ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**ઉપરોકત હુકમ આજ તા.૦૨, માહે–મે, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૦૨–૦૫–૨૦૧૯**
**વિરમગામ.**

**(એસ.આઈ.ભોરણીયા)**
**UIC-00606**
**સાતમા એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સ્પે. પોકસો જજ,**
**અમદાવાદ(ગ્રામ્ય), વિરમગામ.**

ડી.આર.જાગાણી.
પી.એ.